નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ખાતે મંજૂર થયેલ વિવિધ સંવર્ગની જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪% જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/0119/J
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૪/૦૫/૨૦૨૪

વંચાણે લીધાઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨
(૨) ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક: 38-16/2020-DD-III
(૩) વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪)
(૪) વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬)
(૫) વિભાગનો તા.૩૦/૧૨/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬)
(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૨/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/પ/૧૦૯૫/૨૦૨૪/ક

આમુખ :

દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ ૩૩(૧)ની જોગવાઇ મુજબ દરેક સંવર્ગમાં દિવ્યાંગ અનામત અન્વયે ક્યા પ્રકારની દિવ્યાંગતા ધરાવતાં વ્યક્તિઓ ફરજ બજાવી શકે તે સુનિશ્ચિત કરવાનું રહે છે. સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/ જગ્યાઓમાં ૪% અનામત રાખવા અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.તેમજ આ ઠરાવ રાજ્ય સેવા/ પંચાયત સેવા ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશન/જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વ વિદ્યાલયો, સરકાર પાસેથી ગ્રાન્ટ/લોન/આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની સેવાઓને પણ લાગુ પડશે તેમ જણાવેલ છે.વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી સંવર્ગવાર દિવ્યાંગતા નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૩)ના તા.૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્રથી ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-

૨૦૧૬ની કલમ-૩૩ મુજબ રાજ્ય સરકારના દરેક વિભાગ હેઠળના તમામ સંવર્ગોમાં દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા બાબતે સૂચનાઓ આપવામાં આવેલ છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૪) પરના તા.૧૭/૦૯/૨૦૨૨ અને વંચાણે લીધેલ ક(૫) પરના તા.૩૦/૧૨/૨૦૨૨ના પરિપત્રથી RPwD Act-2016 ની કલમ-૩૪ અંતર્ગત દિવ્યાંગો માટે અનામત રાખેલ ૪% જગ્યાઓમાં દિવ્યાંગતાના પ્રકારમાં Spinal Deformity (SD)અને Spinal Injury(SI)ને હલનચલનની દિવ્યાંગતા(Locomotor Disability)અંતર્ગત સમાવેશ કરેલ છે.

આથી, નિયામકશ્રી(અ.જા.ક.)ના વંચાણે લીધેલ ક્રમાંક(૬) પરના તા.૨૨/૦૫/૨૦૨૪ના પત્રથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ખાતે મંજૂર થયેલ વિવિધ સંવર્ગની જગ્યાઓમાં દિવ્યાંગો માટે ૪%(ચાર ટકા) અનામત રાખવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે, સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી નિયુક્ત કરવામાં આવેલ ટકાવારી મુજબ, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ખાતે મંજૂર થયેલ વિવિધ સંવર્ગ માટે નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવેલ દિવ્યાંગતાને માન્ય રાખવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | ભારત સરકાર હસ્તકના સંવર્ગો માટે દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકાર દ્વારા તા.૪/૧/૨૧ના નોટીફિકેશનથી નિયત કરેલ દિવ્યાંગતાના પ્રકાર મુજબ સંબંધિત સંવર્ગ માટે દિવ્યાંગતાના પ્રકારની વિગતો | | | |
|---|---|---|---|---|---|---|
| | | | a | b | c | (d and e) |
| 1 | 2 | 3 | 8 | 9 | 10 | 11 |
| ૧ | મેનેજર | ૨ | B, LV | D, HH | OA, OL, BL, OAL, BLOA, BLA, CP, LC, DW, AAV, & SD, SL | SLD, MI MD involving (a) to (d) |
| ૨ | નાયબ મેનેજર | ૩ | B, LV | D, HH | OA, OL, BL, OAL, BLOA, BLA, CP, LC, DW, AAV, & SD, SL | SLD, MI MD involving (a) to (d) |
| ૩ | મદદનીશ મેનેજર | ૩ | B, LV | D, HH | OA, OL, BL, OAL, BLOA, BLA, CP, LC, DW, AAV, & SD, SL | SLD, MI MD involving (a) to (d) |
| ૪ | સીની.કલાર્ક | ૩ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, DW, AAV, & SD, SI | ASD, (M), SLD, MI MD involving (a) to (d) |
| ૫ | જુની.કલાર્ક | ૩ | B, LV | D, HH | OA,BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI MD involving (a) to (d) above |

**Code and functional classification**:- Blind (B), Low vision (LV) (40-70)%, Deaf (D), [Hard of hearing(HH)(40-70)%), [Locomotor disability (LD):- OA(one arm), OL(one leg), BA(both arm), BH(both hands), OAL(one arm one leg), BLA(both legs and arms), BLOA( both legs one arm), OABL(one arm both legs), BAOL(both arms one leg), BABL(both arms both leg), OAOL(one arm one leg)], Cerebral palsy (CP), Leprosy cured (LC), Dwarfism (Dw), Acid attack victim (AAV), Muscular dystrophy (MDy), Intellectual disability(ID), Specific learning disability (SLD), Mental illness (MI), [Autism Spectrum Disorder (ASD)M-Mild, MoD-Moderate], [Multiple Disabilities (MD) :-Disabilities included in group (A) to (D))(40-70)%).

૨. આ જગ્યાઓમાં ઉપર્યુક્ત કેટેગરીની દિવ્યાંગ વ્યક્તિઓ એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી અનામત જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન હુકમો/નિયમો ધ્યાને લઇ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રીની તા. ૨૪/૦૫/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેઓના નામે,

( જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, સમાજ સુરક્ષા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવને વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪